# ગાંધીનગર રાજયમાં સૌથી ઠંડુગાર

## ગાંધીનગરનુ જનજીવન ઠંડીની ગિરફતમાં : સાંજ ઢળતા જ નગરના માર્ગો પર સુનકાર : રેકર્ડબ્રેક ઠંડી સાથે લગ્નસરાની સિઝન પણ પ્રભાવિત : શહેરીજનો ગરમ કપડામાં લપેટાયા

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં આજે ઠંડીએ ઉગ્ર મિજાજનો પરચો આપ્યો હતો. ઠંડીનો પારો ૧૧ ડિગ્રીએ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી સાથે આજે સમગ્ર રાજયમાં ગાંધીનગર સૌથી ઠંડુગાર શહેર બન્યુ હતુ.ગાંધીનગરમાં ઠંડી ધીરે ધીરે આક્રમક બનતા નગરનુ જનજીવન ઠંડીની ગિરફતમાં આવી ગયુ છે. આજે ઠંડીનો પારો ૧૧ ડિગ્રીએ પહોંચતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી વચ્ચે નગરજનો આકરી ઠંડીમાં ઠુંઠવાયા હતા. સાંજ ઢળતા જ ઠંડીએ પરચો આપી દેતા રાત્રિના સમયે નગરના માર્ગો પર સુનકાર જોવા મળ્યો હતો. હરિયાળા નગરમાં ઠંડીનો મિજાજ ઉગ્ર બનતા શહેરીજન જીવન પ્રભાવિત થયુ છે. આકરી ઠંડીનુ મોજુ ફરી વળતા નગરજનો રાત્રિના સમયે કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે.

**પારો ૧૧ ડિગ્રી**

શહેરમાં ઠંડીનો પારો આજે ૧૧ ડિગ્રીએ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ છે. જયારે સમગ્ર રાજયમાં ગાંધીનગર આજે સૌથી ઠંડા શહેર તરીકે ઉભરી આવ્યુ હતુ.ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન દોઢ ડિગ્રી ઘટતા સિઝનની અત્યાર સુધીની સૌથી વધુ ઠંડી નગરજનોએ અનુભવી હતી. સાંજ ઢળતા જ ઠંડીએ આકરો પરચો આપતા નગરનુ જનજીવન પણ સુન્ન પડી ગયુ હતુ. સાંજથી જ નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. શહેરમાં નિખરતી લગ્નસરાની સિઝન સાથે ઠંડીની મોસમ પણ આક્રમક બનતા લગ્ન પ્રસંગો પણ પ્રભાવિત થયા છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૧૨.૬ ડિગ્રી નોંધાયુ હતુ. જયારે આજે ઠંડીનો પારો દોઢ ડિગ્રી ગગડતા નગરમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. શહેરમાં ધીમે ધીમે જામતી શિયાળાની મૌસમના લીધે નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. ઠંડીના તીખા તેવરથી રાત્રિના સમયે કામ સિવાય નાગરિકો ઘરની બહાર નિકળવાનુ ટાળે છે.જયારે મોર્નિંગ વોક કરનારાઓ પણ ગરમ કપડા પહેરીને જતા નજરે પડે છે. મહત્તમ તાપમાન પણ ૩૦ ડિગ્રીની નીચે રહેતા દિવસ દરમિયાન પણ વાતાવરણમાં ગરમી અદ્રશ્ય થઈ ગઈ છે. ઠંડીની ઋતુ જામતા નગરજનો હવે આરોગ્યના મામલે વધુ જાગૃત બન્યા છે. વહેલી સવારે ઠંડીના સમયે વોકીંગ તેમજ કસરત કરીને શારિરીક સુખાકારી જાળવવા માટે નાગરિકો હરિયાળી વનરાજી વચ્ચે ટહેલતા જોવા મળે છે. ઠંડી વધતા નગરના શોપિંગ બજારમાં સ્વેટર તેમજ ટોપી સહીતના ગરમ કપડાની ડિમાન્ડ પણ વધી છે.

આકરી ઠંડીનુ મોજુ ફરી વળતા મકોનોમાં રાત્રિના સમયે હીટર ચાલુ થઈ ગયા છે. જયારે ખુલ્લા આકાશ નીચે આશરો લેતા શ્રમિકો તાપણુ કરીને ઠંડીનો સામનો કરતા નજરે પડે છે. હરિયાળી વનરાજીથી ઘેરાયેલા નગરમાં ઠંડીની મોસમના લીધે લવલી નઝારો સર્જાય છે. પરંતુ આકરી ઠંડીના લીધે સિનિયર સિટીઝન્સ તેમજ દમ અને ફેફસાના દર્દીઓ માટે આફત ઉભી થઈ છે. એકબાજુ નગરમાં લગ્નસરાની મોસમ નિખરી છે. ત્યારે સતત વધતી ઠંડીના લીધે લગ્નમહાત્સવના આયોજકોની મુઝવણ વધી છે. હજુ પણ આગામી દિવસોમાં ઠંડી વધુ આકરી બને તેવી સંભાવના છે.

# સરગાસણથી વૈષ્ણોદેવી માર્ગમાં વૃક્ષોનું રીટ્રાન્સપ્લાન્ટ

ગાંધીનગર તા ૧૦

ચિલોડા સરખેજ રૂટમાં માર્ગને અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરાયુ છે જયારે એસ જી હાઈવેના રૂટમાં પણ સાત જેટલા ઓવરબ્રિજનુ નિર્માણ કરવામાં આવશે. આ રૂટની કામગીરીને અનુલક્ષી હજારો વૃક્ષોની કટોતી ન કરવી પડે તે માટે નાના રોપાઓ સહીતના વૃક્ષોને રીટ્રાન્સપ્લાન્ટ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. અંદાજિત ૬ હજાર જેટલા વૃક્ષોને અન્ય જગ્યાને સલામત રીતે ટ્રાન્સપ્લાન્ટ કરવા કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જયારે વનતંત્ર દ્વારા શહેરી માર્ગથી પણ બદતર હાલત જોવા મળી રહી છે. ટ્રાફિક જામના દ્રશ્યો હવે સામાન્ય બન્યા છે. ટ્રાફિકનુ ભારણ વધવાની સાથે માર્ગ સલામતી પણ જોખમમાં મુકાઈ છે. આવા સંજોગોમાં આ માર્ગને અપગ્રેડ કરવા માટે કરોડોના



**નાના રોપાઓ સહીત ૬ હજાર જેટલા વૃક્ષોને અડાલજ બ્રિજ તેમજ કોલેજ સંકુલમાં ટ્રાન્સપ્લાન્ટ કરાશે : વનવિભાગની મંજુરીના અંતે આ પ્રોજેકટનુ કામ હવે ઝડપી બનશે**

સરગાસણથી વૈષ્ણોદેવીના રૂટમાં વૃક્ષો દુર કરવાના મામલે મંજુરી પણ આપી દેવાતા આ પ્રોજેકટની કામગીરીમાં હવે ઝડપ આવશે.

ચિલોડા સરખેજ હાઈવેના નવિનીકરણનુ કામ હાથ ધરાયુ છે. આ માર્ગ પર ટ્રાફિકનુ ભારણ વધતા ખર્ચે કામ હાથ ધરાયુ છે. આ કામગીરીને અનુલક્ષી રૂટમાં આવતા વૃક્ષોની પણ કટોતી કરવી પડે તેમ હોવાથી વનતંત્ર કક્ષાએથી ઝડપથી મંજુરી આપવામાં આવતી ન હતી. જો કે તંત્ર દ્વારા નવા વૃક્ષોની

● અનુસંધાન પાન-૭ પર

# મિડીયા આલમમાં અપાર પ્રેમ પામનાર જગદીશ ઠક્કરનું નિધન

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નિવાસસ્થાને પહોંચી સદ્દગતના પરિવારને દિલસોજી પાઠવી : ગુજરાતના પત્રકારોની ભાવભીની અંજલિ : માહિતી વિભાગ કર્મચારી પરિવાર શોકમગ્ન : દિલ્હીમાં અગ્નિસંસ્કાર સંપન્ન**



ગાંધીનગર, તા. ૧૦

સાચા કર્મયોગી, એકદમ નિરાભિમાની, સંપૂર્ણ પ્રામાણિક, સખત પરિશ્રમી અને ખૂબ જ હોંશીયાર એવા જગદીશભાઈ ઠક્કરનુ ટુંકી માંદગી બાદ અવસાન થતા ભારત સરકારે એક નિષ્ઠાવાન કર્મચારી ગુમાવ્યો છે અને ગુજરાતના મીડિયા જગતે એક સંનિષ્ઠ સાથી માર્ગદર્શક અને શુભેચ્છક ગુમાવ્યો છે જેની ખોટ હંમેશા રહેશે. ગુજરાતના નવા મુખ્યમંત્રીઓ અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જનસંપર્ક અધિકારીપદે વર્ષો સુધી સેવા આપનાર જગદીશભાઈ ઠક્કરનું અવસાન થતા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જાતે તેમના દિલ્હી સ્થિત નિવાસસ્થાને પહોંચ્યા હતા અને પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.

"તેમણે તેમના કાર્યને ચાહ્યું" પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આ શબ્દો સ્વ. જગદીશભાઈ ઠક્કર માટે સાચી શ્રદ્ધાંજલિ છે. ગુજરાતના નવ-નવ મુખ્યમંત્રીઓના જનસંપર્ક અધિકારીપદે રેહનાર જગદીશભાઈ ઠક્કરની શબ્દો પરની પકડ, લખાણની શૈલી, હોંશીયારી અને કંઈપણ કહ્યા વિના બધુ જ સમજી જવાની સૂઝ તેમને છેક પીએમઓ સુધી લઈ ગઈ. નરેન્દ્રભાઈ મોદી ૨૦૦૧૪માં દેશના પ્રધાનમંત્રી બન્યા ત્યારે તેઓને ખાસ દિલ્હી લઈ જવાયા અને પીએમઓ કાર્યાલયમાં તેમના માટે વિશેષ પોસ્ટ ઉભી કરવામાં આવી તે જ તેમની સિદ્ધિ દર્શાવે છે.

૧૯૭૨માં ગુજરાત સરકારના માહિતી વિભાગમાં જોડાયેલા જગદીશભાઈ ૧૯૮૬ની ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયમાં જોડાયા. સાલસ, સરળ, મૃદુભાષી, વિવેકી અને વિશાળ હૃદય ધરાવતા જગદીશભાઈએ કામમાં તો એવી ફાવટ પ્રાપ્ત કરી હતી કે સત્તાસ્થાને રાજકીય પક્ષ બદલાય, મુખ્યમંત્રી બદલાય અને સાથે જ તેમનો સ્ટાફ બદલાય પરંતુ જગદીશભાઈ ન બદલાય. અનેક રહસ્યો જાણતા હોવા છતાં તેઓ હંમેશા મૃદુભાષી રહ્યા. તેઓ ઘણા વર્ષો સુધી સત્તાસ્થાનની નજીક રહ્યા પરંતુ ક્યારેય તેનો તેમણે ફાયદો ન ઉઠાવ્યો. અરે તેમના વાણી અને વર્તનમાં પણ ક્યારેય હોદ્દાનો રૂઆબ જોવા ન મળ્યો. એટલે જ તેઓ દાયકાઓ સુધી મુખ્યમંત્રી કાર્યાલયમાં કાર્યરત રહી શક્યા. તેમનો સાલસ અને મળતાવડો સ્વભાવ મીડિયા જગતમાં પણ હંમેશા આદરપાત્ર રહ્યો. મુખ્યમંત્રી કાર્યાલયની મુલાકાતે આવતા મીડિયાકર્મીઓ સાથેના સ્નેહભર્યા સંબંધો તેમણે વર્ષો સુધી સાચવ્યા. એટલુ જ નહી જગદીશભાઈ હંમેશા લઘુ

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગર સમાચારે શુભેચ્છક અને સાથી ગુમાવ્યા છે

ગાંધીનગર સમાચાર પરિવાર વતી સ્વ. જગદીશભાઈ ઠક્કરને શ્રદ્ધાંજલિ આપતા તંત્રી કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યું છે કે ગાંધીનગર સમાચારે શુભેચ્છક અને સાથી ગુમાવ્યા છે. ગાંધીનગર સમાચારના સ્થાપનાકાળથી જ તેના વિકાસ અને સ્વરૂપ અંગે જગદીશભાઈએ હંમેશા માર્ગદર્શન આપ્યુ છે. વર્ષો સુધી તેમની લોકપ્રિય કોલમ 'નવમી કોલમ' ગાંધીનગર સમાચાર માટે ઘરેણાં સમાન રહી હતી. જગદીશભાઈના જવાથી ન પુરાય એવી ખોટ અનુભવાઈ છે. સદ્ગતના આત્માને ચીર શાંતિ માટે પરમ તત્વને પ્રાર્થના કરે છે.

આ ઉપરાંત ગાંધીનગરના વરિષ્ઠ પત્રકારો સર્વ ગૌતમ પુરોહિત, કિશોરભાઈ અંજારિયા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, પ્રકાશ જહા, અશ્વિનભાઈ કુકર, મનીષભાઈ વ્યાસ સહિતના પત્રકારોએ સ્વર્ગસ્થ જગદીશભાઈને ભાવભીની અંજલિ આપી છે.

**આ તો કેવી સલામત સવારી....**

# એસ ટી ડેપોમાં તસ્કરોનુ સામ્રાજય-મુસાફરોના ખિસ્સા જ સલામત નથી

**શહેર વચાળે સ્થિત ડેપો સંકુલમાં જ તસ્કરોનુ રાજ : પોલીસ ચોકી માટે જગ્યા નિયત કરાઇ પરંતુ પોલીસ પહેરો નથી : રોજબરોજ મુસાફરો તસ્કરીના ભોગ બને છે**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર એસ ટી ડેપોમાં તસ્કરોનુ સામ્રાજય છે. વાઈબ્રન્ટ વેળાએ નગરમાં સ્વચ્છતા, સુંદરતા અને સલામતીના પરિબળોને યોગ્ય કરવા માટે તંત્ર ઉંધા માથે છે. ત્યારે નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં સલામતીનો મુદ્દો રામભરોસે છે. રોજબરોજ મુસાફરો તસ્કરીવૃતિના ભોગ બને છે. એસ ટી ડેપોમાં પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવાનો નિર્ણય લેવાયા બાદ પણ પોલીસ પહેરો ન લાગતા સલામતીનો મુદ્દો રામભરોસે છે. આમછતા સત્તાધીશોના પેટનુ પાણી હલતુ નથી. શહેરમાં સબ સલામતની વાતો વચ્ચે નગર બહારગામથી આવતા મુસાફરોના ખિસ્સા ડેપો સંકુલમાં જ ખંખેરી લેવાય છે. નગરમાં કાયદો અને વ્યવસ્થાના નામે મીંડુ ચિતરોયલુ હોવાનો પરચો મુલાકાતીઓને અહીંથી જ મળી જાય છે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હવા થઈ ગઈ છે. પરંતુ હાલ તસ્કરી વૃતિ પ્રવૃતિને પોષવા માટેનુ મોડેલ સ્થળ બની ગયુ છે. નગરમાં વચાળે સ્થિત એસ ટી ડેપોમાં રોજબરોજ આમ નાગરિકોના ખિસ્સા કપાય છે. હવે સામાન્ય જેબકતરાઓની હીંમત વધતા લાખોની મત્તાનો પણ પલમાં જ સેરવીને લઈ જતા ગઠીયાઓ વધુ બિન્દાસ્ત બન્યા છે. એસ ટી ડેપોમાં બસમાં બેસતા મુસાફરોના ખિસ્સા કપાતા હોવાની સાથે પીકપોકેટીંગના અનેક કિસ્સાઓ મુસાફરો માટે ભયનુ કારણ બન્યા છે. ત્યારે મહીલાઓ તેમજ સિનિયર સિટીઝન્સ માટે એસ ટી ડેપો ખતરારૂપ બની રહ્યુ છે. આમ નાગરિકોની સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. એકબાજુ સમગ્ર તંત્ર આગામી વાઈબ્રન્ટ સમિટના ઓવારણા લેવા માટે નગરના માર્ગો સહીત બ્યુટીફીકેશનના કામો અને પ્રવેશદ્વારો પાસે સલામતીના પરિબળોને યોગ્ય કરવા માટે કામે લાગ્યુ છે. દેશ વિદેશના વી વી આઈ પી મહાનુભાવોની સલામતી વ્યવસ્થામાં કોઈ કચાશ ન રહે તે માટે યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. બીજીતરફ વર્ષોથી સલામતીના મુદ્દે રામભરોસે એસ ટી ડેપોમાં મુસાફરો બિન્દાસ્ત રીતે લુંટાય છે. એસ ટી ડેપો તરફથી પણ ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે જગ્યા નિયત

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં નો-પાર્કીંગ ઝોનમાં ઉભા રહેતા વાહનો સામે આરટીઓની લાલઆંખ

**પથિકાશ્રમ, ચિલોડા અને અડાલજ વિસ્તારમાં નો-પાર્કીંગ ઝોનમાં ઉભા રહેતા વાહનો બદલ દંડ વસુલી**

ગાંધીનગર તા ૧૦

શહેરમાં નો પાર્કીંગ ઝોનમાં ઉભા રહેતા વાહનો સામે આર ટી ઓ તેમજ ટ્રાફિક તંત્રએ લાલ આંખ કરી છે. લાંબા સમયથી નો પાર્કીંગ ઝોનમાં મનફાવે તેમ ઉભા રહેતા વાહનો સામે કોઈ કાર્યવાહી ન થતા ખાનગી શટલીયા ચાલકો બેફામ બન્યા હતા. જયારે તંત્રએ ફરી આવા વાહન ચાલકો ઉપરાંત લાયસન્સ તેમજ ઓવરલોડના કિસ્સામાં દંડ વસુલીની ઝુંબેશ શરૂ કરી છે. પથિકાશ્રમ, અડાલજ અને ચિલોડા સહીત બસ સ્ટેન્ડ પર આવા ૧૫ વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી છે.

**લાયસન્સ, આર સી બુક તેમજ પીયુસી વિનાની ૧૭ કાર પણ ડિટેઇન કરાઇ**

એસ ટી ની સલામત સવારી ઉભી રહેતી હોય તેવા વિસ્તારને નો પાર્કીંગ ઝોન તરીકે ઓળખાય છે. જયારે આ પ્રકારના નો પાર્કીંગ ઝોનમાં ખાનગી વાહન ચાલકો તેમજ શટલીયા જીપચાલકો પણ ઉભા રહેતા ટ્રાફિક નિયમનને જોખમમાં મુકતા ખાનગી વાહનચાલકો સામે તંત્ર દ્વારા દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. બસ સ્ટોપ પરથી મુસાફરોને ખાનગી શટલીયામાં બેસાડવાનુ નિયમ વિરુધ્ધ છે. ગાંધીનગર શહેરમાં પણ એસ ટી ડેપો સહીત અન્ય બસ સ્ટેન્ડ પરથી મુસાફરોને ભરવામાં આવતા હોવાની અનેકવાર ફરિયાદો ઉઠવા પામે છે. જયારે આ ફરિયાદોના અંતે આર ટી ઓ તેમજ ટ્રાફિકનુ તંત્ર ફરીએકવાર

● અનુસંધાન પાન-૭ પર

# ૨૦૨૦ સુધીમાં રાજયમાં ૫૦૦ પ્રાથમિક શાળાને ગ્રીન સ્કુલ બનાવવામાં આવશે

ગાંધીનગર, તા.૧૦

૨૦૨૦ સુધીમાં રાજયમાં ૫૦૦ સરકારી પ્રાથમિક શાળાને ગ્રીન સ્કુલ બનાવવામાં આવશે. સરકારના આ નિર્ણયમાં સહભાગી થવા વિશ્વ બેંકે તૈયારી બતાવીછે પરંતુ સરકારે હજુ આ દિશામાં તેનું કોઈ મન બનાવ્યું નથી.

મળતી વિગતો પ્રમાણે રાજયમાં હાલ ૨૪૧ પ્રાથમિક શાળાઓને ગ્રીન સ્કુલ બનાવી દેવામાં આવી છે. ૬૬ શાળાઓને તે બનાવવાની કામગીરી હાલ ગતિમાં છે અને તે ૨૦૧૯ના નવા શૈક્ષણિક સત્ર પહલાં સંપન્ન થઈ જશે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર રાજય સરકારે હાલ આવી શાળાઓના નિર્માણ માટે સી.એસ.આર. તેમજ તેના પોતાના ઉપલબ્ધ ફંડમાંથી નાણાં ફાળવવાનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે ગ્રીન સ્કુલ પ્રોજેકટમાં સોલર પેનલ ઉપરાંત વેલ વેન્ટીલેટેડ સંકુલ બનાવવાની સાથે શાળામાં રેઈન વૉટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ તેમજ ગ્રીનરી અને બાયોડાયવર્સીટી થકી આગળ વધવામાં આવી રહેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ પ્રોજેકટ આમ તો ૨૦૧૫ થી હાથ ધરવામાં આવ્યો છે. વિશ્વ બેંક સહિતની સંસ્થાઓએ તેમાં સહભાગી થવાની ઉત્સુકતા બતાવી છે પણ સરકારે તે દિશામાં કોઈ વિચારણા પણ કરી નથી.

શિક્ષણના સાર્વત્રીકરણની સાથે બાળકોમાં કુદરતી સંપદા પ્રત્યેની અભિરૂચિ વધે તે ઉમદા હેતુ વિભાગે નજર સમક્ષ રાખી આગળ વધવાનો નિર્ણય કરેલ છે.

### જિલ્લામાં નવ શાળા ગ્રીન સ્કુલ છે!

ગાંધીનગર જિલ્લામાં હાલ નવ પ્રાથમિક શાળાઓ ગ્રીન સ્કુલ તરીકે ઓળખ પામી ચુકી છે.

આ નવે શાળા દરેક તાલુકામાં છે. ગત વર્ષ સુધીમાં સાત શાળા ગ્રીન સ્કુલ બની હતી. આ વર્ષે વધુ ૨ શાળા ગ્રીન સ્કુલ બનશે. ગ્રીન સ્કુલ બનાવવાની સાથે સ્વચ્છતા અભિયાનને પણ આ શાળાઓમાં અગ્રતા આપવામાં આવતી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## નોટીસ

સાંચા કામ સબબે, તારીખ : ૧૩/૧૨/૨૦૧૮, ગુરૂવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વિજ પુરવઠો સવારના ૧૦.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી બંધ રહેશે, જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

(૧) સેક્ટર-૫, સોરઠિયા સેવા સમાજ - સબ સ્ટેશન

સહી/-
ટોરેન્ટ પાવર લીમીટેડ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com